# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- રાજ્યના 203 તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો – સાબરકાંઠના પ્રાતિજમાં સૌથી વધુ સાડા સાત ઇંચ વરસાદ નોંધાયો.
- હવામાન વિભાગે આવતીકાલે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી કરી ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું.
- ડાંગ જિલ્લાના ગિરીમથક સાપુતારામાં મેઘ મલ્હાર પર્વનો રંગારંગ પ્રારંભ
- અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરાના ચાર ઝોન માટે રાજ્ય સરકારે ફી નિયમન સમિતિની જાહેરાત કરી
- યુનિવર્સિટીઓ અને કોલેજોના કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના કામચલાઉ વેચાણ કેન્દ્રો ઊભા કરવા રાજ્યપાલનો અનુરોધ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE RAIN

રાજ્યમાં આજે સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો.. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. સત્તાવાર આંકડા મુજબ સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં  રાજ્યમાં 203 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. તેમાં સૌથી વધુ  સાડા સાત ઇંચ જેટલો  વરસાદ સાબરકાંઠાના પ્રાતિજમાં  વરસ્યો હતો. સાબરકાંઠાના થુરાવાસ ગામે વીજળી ત્રાટકતાં એક શ્રમિકનું મોત થયું હતું, અને એક ઇજાગ્રસ્ત શ્રમિકને સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યારે બે શ્રમિકનો આબાદ બચાવ થયો હતો. મહેસાણાના વિસનગરમાં સવા છ ઇંચ વરસાદ વરસ્યો હતો.. જ્યારે અન્ય સ્થળોએ ભારેથી મધ્યમ વરસાદ વરસ્યો હતો.. વરસાદના પગલે નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતાં..

અમદાવાદમાં પણ સવારથી જ ધોધમાર વરસાદ વરસ્યો હતો.. અમદાવાદ મહાનગર પાલિકાએ આપેલા આંકડા અનુસાર શહેરમાં સરેરાશ એક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો...

------------------

# DISTRICT RAIN

ગુજરાતમાં મોટાભાગનાં વિસ્તારોમાં વિરામ બાદ મેઘમહેર ફરી શરૂ થઇ છે.

મહેસાણાથી અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે વરસાદને કારણે મહેસાણા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા હતા. મહેસાણા જિલ્લાના વીસનગરમાં સાડા પાંચ ઇંચ, ખેરાલુ અને ઊંઝામાં દોઢ ઇંચ, વડનગરમાં અઢી

ઇંચ, વિજાપુર અને જોટાણામાં ચાર ઇંચ તેમજ બહુચરાજીમાં અઢી ઇંચ વરસાદ નોંધાયો હતો.

મહિસાગર જિલ્લાના કડાણા ડેમમાં ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે નવા પાણીની આવક થઇ છે. કડાણા ડેમમાં 12 હજાર ક્યુસેક પાણી દરવાજા મારફતે મહી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આ અંગે કડાણા ડેમના અધિકારી રાજુભાઇ બામણિયાએ વધુ માહિતી આપી હતી..

(બાઇટ- રાજુભાઇ બામણીયા, ડેમના અધિકારી)

અરવલ્લીથી અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે જિલ્લામાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. હિંમતનગર હાઇવે પર મેઢાસણ અને મડાસણા નજીકનાં ગામનાં ખેતરોમાં પાણી ભરાઇ ગયા હતા. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે મેશ્વો નદી બે કાંઠે વહેતી થઇ છે.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના માછણનાળા ડેમમાં ૭૦ ટકા પાણીની આવક થતાં અગમચેતીના ભાગરૂપે સાત ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. આ ડેમની પૂર્ણ સપાટી ૨૭૫.૯૦૦ મીટરની છે. ડેમ પાણીથી હાલ છલોછલ ભરેલો છે, ઉપરાંત હજી પણ પાણીની આવક વધવાની શકયતા હોવાથી હાઈ એલર્ટ જાહરે કરાયું છે.

. . . . . . . . . . . . . . . .

## WEATHER FORCAST

દક્ષિણ  તેમજ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, જામનગર, જૂનાગઢ સહિતનાં સ્થળોએ આવતીકાલે ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, સહિતનાં જિલ્લામાં આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે, તેમજ પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની શક્યતાં છે.

--------

## MEGH MALHAAR PARV-DANG

ગિરિમથક સાપુતારા ખાતે આજથી  મેઘ મલ્હાર મહોત્સવનો પ્રારંભ થયો.

સાપુતારા ખાતે એક મહિના સુધી ચાલનાર  આ મહોત્સવને રાજ્યના પ્રવાસન  મંત્રી મુળુભાઈ બેરાએ ખુલ્લો  મૂક્યો  હતો. મહોત્સવના પહેલા દિવસે આજે વિવિધ વેશભૂષા અને સંગીતના સૂર તાલે નૃત્ય કરતા કલાકારો અને પ્રવાસીઓની હાજરી વચ્ચે શોભાયાત્રા કાઢવામાં આવી. ત્યારબાદ સરસ મેળાનું પણ મંત્રીશ્રીના હસ્તે ઉદ્ઘાટન કરાયું. આ પ્રસંગે પ્રભારી મંત્રી કુંવરજી હળપતિ, ગુજરાત પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ તેમજ ડાંગના કલેક્ટર સહિત અનેક અધિકારીઓ પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધિ મુનિરા શેખ...........

(બાઇટ – મુનિરા શેખ, પીટીસી, ડાંગ )

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## ROGCHALO MARGDARSHIKA

રાજ્યમાં ફેલાઇ રહેલા મચ્છરજન્ય રોગોથી બચવા આરોગ્ય વિભાગે નાગરિકો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છરો ઘરમાં ન ફેલાય તે માટે ઘરમાં અને ઘરની આજુબાજુમાં  પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા ના રાખવા, ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી નાગરિકોને જણાવવામાં આવ્યું છે. મેલેરિયા થયો હોય તેવા વ્યક્તિઓને પૂરેપૂરી સારવાર લેવી જરૂરી છે. તેમને વરસાદી ઋતુ દરમિયાન બોટલ, ટીન, ટાયર, અને નાળીયેરની કાછલી, ભંગારનો નાશ કરવા સૂચન કરાયું છે. તેમજ નાગરિકોને ડોકટરની સલાહ વિના દવા લેવાઅને એસ્પીરીન જેવી દવાઓનો ઉપયોગ ટાળવાની સૂચના આપવામાં આવી છે..

-----------------------

# FRC COMMITTEE

રાજ્ય સરકારે ફી નિયમન સમિતિની જાહેરાત કરી છે.. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત એમ ચાર ઝોનની સમિતિની જાહેરાત કરાઇ છે.. જેમાં અમદાવાદ ઝોનના અધ્યક્ષ તરીકે હર્ષિત વોરાને નિયુક્ત કર્યા છે. જયારે રાજકોટ ઝોનમાં શ્રીમતી પી.જે.અગ્રાવતને, મહમ્મદ હનિફ સિંધિ વડોદરા ઝોનના, જ્યારે અતુલ રાવલ સુરત ઝોનના અધ્યક્ષ તરીકે નીમાયા છે. આ સમિતિ શાળાઓની ફી નિર્ધારણ અને નિયમન માટે કામગીરી બજાવશે.તમામ ચારે ઝોનમાં ફી નિયમન સમિતિના અધ્યક્ષ તરીકે નિવૃત્ત જીલ્લા ન્યાયાધિશની નિમણૂંક કરવામાં આવી છે. આ સમિતિનો કાર્યકાળ આગામી ત્રણ વર્ષ સુધીનો રહેશે.

------------------

# GOVERNOR - ALL UNIVERCITY Kulapati

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને **વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિવિધ વિષયો પર માર્ગદર્શન પૂરું પાડ્યું.**

રાજ્યપાલે 2036 માં રાજ્યના યજમાનપદે થનાર ઓલિમ્પિક રમતોત્સવ માટે અત્યારથી જ દરેક યુનિવર્સિટીને પોતાના રમત ગમત વિભાગને વધુ સુદ્રઢ બનાવી વધુમાં વધુ યુવાનોને રમતગમતમાં વિશેષ રૂપે તૈયાર કરવા જણાવ્યુ. વધુમાં તેમણે **'એક પેડ માં કે નામ'** વૃક્ષારોપણ-જતન-સંવર્ધનના આ મહાઅભિયાનમાં યુનિવર્સિટીઓના યુવાનો**ને વૃક્ષ વાવવા તેમજ** 'માય

ભારત' પોર્ટલ સાથે જોડાઈ 'વિકસિત ભારત'ના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા જણાવ્યુ હતું.

આ ઉપરાંત યુવાનોને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ કરવા  પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતા અનાજ, શાકભાજી અને ફળફળાદી યુવાનોને મળી રહે તે માટે કોલેજ કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના કામચલાઉ વેચાણ કેન્દ્રો ઉભા કરવા કુલપતિઓને અનુરોધ કર્યો હતો.

-------------

## RAAGHVJI PATEL – RAJKOT VISIT

રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે  આજે અતિવૃષ્ટિગ્રસ્ત ઉપલેટા તથા ધોરાજી તાલુકાની મુલાકાત લઈ અસરગ્રસ્ત ગામલોકો સાથે સંવાદ સાધ્યો હતો અને  તેમના પ્રશ્નોના વહેલાસર ઉકેલની ખાતરી આપી હતી. મંત્રીશ્રીએ કહ્યું હતું કે ખેતી પાકને નુકસાની અંગે જિલ્લાના ખેતીવાડી અધિકારીઓને સર્વે કરવા સૂચના આપવામાં આવી છે. તેમણે  ખેડૂતોને વધુમાં વધુ સહાય મળી શકે તે દિશામાં કામગીરી કરવાની લોકોને ખાતરી આપી છે.

-----------------

## KANKARIYA OLIMPICS

ઓલમ્પિકમાં ભાગ લઇ રહેલા ભારતીય ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા 'ચિયર ફોર ભારત' કેમ્પેઈનના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકારના રમતગમત વિભાગ દ્વારા અમદાવાદના કાંકરિયા તળાવ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો..આ કાર્યક્રમ અંતર્ગત સ્કેટિંગ, બોક્સિંગ અને રસ્સાખેંચ રમતોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ખેલાડીઓ ઉપરાંત, કર્મીઓ અને નાગરિકોએ ભાગ લીધો હતો. કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં સમર ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિક ગેમ્સ દરમિયાન વિવિધ રમતગમત પ્રવૃતિઓ અને સ્પોર્ટ્સ અવેરનેસ કેમ્પેઈન દ્વારા વધુને વધુ ખેલાડીઓ અને નાગરિકોની સહભાગિતા માટે આ અભિયાન આદરવામાં આવ્યું છે..

-----------------

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- કેન્દ્ર શાસિત પ્રદેશ દમણના વાસુકીનાથ મંદિરમાં શ્રાવણ ઉત્સવની વિશેષ પૂજા અને અભિષેકમાં મોટી સંખ્યામા શિવભક્તોએ ભાગ લીધો હતો.
- ગાંધીનગર ખાતે વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસાયટીના ઉપક્રમે તેજસ્વી વિદ્યાર્થી સત્કાર સમારંભ સંપન્ન થયો.. યુપીએસસીમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓનું સંમાન કરાયું હતું.
- એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર શાળામાં મેયર, ધારાસભ્ય સહિત શાળાના બાળકો, વાલીઓ અને સ્ટાફ પરિવારે વૃક્ષારોપણ કર્યું હતું.

- મહીસાગરના વાંટા ગામની પ્રાથમિક શાળાની દિવાલ ધરાશાઈ થઈ..રાત્રિ દરમિયાન શાળાની દિવાલ ધરાસાઈ થતાં મોટી દુર્ઘટના ટળી..
- શ્રધ્ધાળુઓને માંચીથી ડુંગર સુધી લઇ જવામાં આવતા પાવાગઢના રોપ—વેના સમારકામને કારણે આગામી 5થી 10 ઑગસ્ટ દરમિયાન રોપ—વે સેવા બંધ રહેશે
- ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના ઉપક્રમે વેરાવળની સોમનાથ યુનિવર્સિટી ખાતે લોકનૃત્ય તાલીમ શિબિર સંપન્ન થઇ ..30 કોલેજોના 41 વિદ્યાર્થીઓને લોકનૃત્યની તાલીમ અપાઇ
- ભરૂચના કોલવણા ગામની સીમમાં હાઈ ટેન્શન ટાવર એંગલમાંથી તૂટતા એક વીજકર્મીનું મોત નીપજ્યુ હતું જ્યારે બે લોકો ઇજાગ્રસ્ત બન્યા હતા - તો બીજી તરફ જીલ્લામાં આમોદ કરજણ રોડ ઉપર ઉભેલી ટ્રક માં બાઇક સવાર અથડાતાં આમોદ તાલુકાના આઝમનગર ગામના બે વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે.
- પંચમહાલ જિલ્લામાં ૧ થી ૮ ઓગસ્ટ દરમિયાન નારી વંદન સપ્તાહની ઉજવણી કરાશે.